સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

થયું છે ધનૂર હિંદુત્વની ખીલી લાગી છે,
ભૂંસાસે નહિં એમાં જે કાળી ટીલી લાગી છે,
ઢીલી લાગે છે મૌની બાબાની તાટસ્થ્ય વાણી -
સંઘે મીલીભગત દાદરી ગુલ્લી લાગી છે...

હાઈકુ

કહ્યું અદ્‌વિદા
જયશ્રી સિયારામ
રવીન્દ્ર જૈન..
(શોકજનક વિદાય)

બાંધે સંબંધ
ઓબામા શોક્ય સાથે
આપે છે.. શોક
(પાકિસ્તાન સાથે કરાર)

ચિંતન

અપિ સંપૂર્ણતાં યુક્તઃ કર્તવ્યાઃ સુહૃદો બુધૈઃ ।
નદીશઃ પરિપૂર્ણો અપિ ચંદ્રોજયમ પેક્ષતે ॥

'ભલે ને આપણે સંપૂર્ણ રીતે સમૃદ્ધ અને સંપૂર્ણતા વાળા હોઈએ છતાં પણ બુદ્ધિમાન માણસે બધા સાથે સારા સંબંધ રાખવો જોઈએ. અર્થાત કોઈથી બગાડવું નહીં. સમૃદ્ધ જલ-ભંડારથી સમૃદ્ધ હોવા છતાં - નદીઓનો સ્વામી સમુદ્ર પરિપૂર્ણ છે છતાં પણ ચંદ્રના ઉદયની અપેક્ષા રાખે છે જેથી કરીને તેના જળમાં ભરતી આવે - ઉમળકો આવે.'

કેટલાક ધનવાનો કે અધિકારીઓને પૈસા-પદનું એવું અભિમાન આવી જાય છે કે એવું માની લે છે કે - હું પૈસા પદથી બધું જ કરી શકું છું. મને કોઈ સગાં-વહાલાં-જ્ઞાતિબંધુઓ-મિત્રો સંબંધીઓની કોઈ જ જરુર જ નહીં પડે અને પડશે ત્યારે તાળી પાડીશ તેંત્રીસ હાજર થઈ જશે! આ એમની મોટી ગેરસમજ છે.

પૈસાથી પ્રેમ-વાત્સલ્ય-લાગણી-હૂંફ-હૃદયનો ઉમળકો-શુભેચ્છા-આશીર્વાદ મળતાં નથી.

લગ્ન-મરણ પ્રસંગે જ્ઞાતિજનો-મિત્રો જ મદદરુપ થાય - કહ્યું છે ને કે માંદગીમાં 'માં' સાભરે...

સુવિચાર

- 'કોમન સેન્સ' કોઈ દિવસ ચોપડીમાં ન જ મળે - **અખંડ આનંદ**
- મગજમાં અહંકારનો ઘટાડો થતો જાય તેમતેમ હૃદયમાં ઈશ્વર વધતો જાય છે - **ભૂપત વડોદરિયા**
- 'બરફ' અને 'તક'માં સમાનતા એ છે કે સમય જતાં બરફ પીગળી જાય છે, અને સમય જતાં તક ઓસરી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હું આભારી છું મારા પિતાનો કે જેમણે મને માણસોમાં તફાવત કરતાં નથી શિખવ્યું... જેના ચહેરા પર નિર્દોષ લાગણી જોઈ બસ એને જ માણસ તરીકે જોતાં શિખવ્યું - **સુરેશ દલાલ**
- સુખમાં માનીએ દુનિયાનો આભાર, અને દુઃખમાં કરીએ પ્રિય સાથીને સાદ, તો જરુર નહીં પડે કરવાની ફરિયાદ કેમ કે સુખ ઓછા અને દુઃખ આપ્યા અમને હજાર - **એસ.એમ.એસ.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ઘણીવાર માણસો મુદ્દાસર અને સીધી મુદ્દાની વાત કરવાને બદલે પહેલાં આડી-અવડી ને પછી પણ ગોળ ગોળ રજૂઆત કરે છે જે સામાન્ય વ્યક્તિ ન પણ સમજી શકે - વાત - સ્પષ્ટ - ટૂંકમાં - જે કહેવું હોય તે કહી દેવું...

વિદેશોમાં કલાસિકલ મ્યુઝીકના કાર્યક્રમો થાય ત્યારે એમાં વાદકોનો પણ મોટો રસાલો હોય છે. આ બધા વાદકોને યોગ્ય રીતે ગોઠવવા અને તેમનાં વાજિંત્રને કેવું - કેટલું મહત્વ આપવું એ કામ 'કન્ડકટર' કરતા હોય છે.

એક મોટા કાર્યકર્મના આયોજનની પ્રેકટીસ ચાલતી હતી. સારા સારા વાદકો એમાં ભાગ લેતા હતા. નામાંકિત વ્યક્તિને કોઈ સૂચના આપવી હોય તો પણ કંડકટરને ક્ષોભ થાય એવા કલાકારો હતા.

કંડકટરે - વાયોલિન વાદકને પૂછ્યું તમારી ખૂરશી માઈકથી થોડી દૂર છે, નજીક લાવશો?

... અને પછી જો આપને પીઠમાં કંઈ તકલીફ ન હોય તો થોડા ટટ્ટાર બેસશો?

... અને ડોક થોડી ઊંચી રાખશો તો વાયોલિન પણ માઈકની તદ્દન નજીક આવી જશે!

વાદક સમજી ગયો એણે પુછ્યું - ટૂંકમાં તમે મને થોડું વધારે મોટેથી જ વગાડવાનું કહેવા માગો છો ને ?!

કન્ડકટરે હકારમાં માથું હલાવ્યું.

વિકૃતિઓની ચરમસીમાએ પહોંચેલો ચૂંટણી સંગ્રામ

તંત્રીસ્થાનેથી....

હવે થોડા દિવસ પૂરતો, બીજી બધી બાબતો કરતાં બિહારની ચૂંટણી જ તમામ પક્ષો માટે અને કદાચ લોકશાહીની ચિંતા કરનારા પ્રબુદ્ધ જનો માટે સૌથી વધારે અગત્યનો વિષય બની રહેશે. આ ચૂંટણીમાં પ્રજાને પોતાપોતાની રીતે 'ગેરમાર્ગે' દોરવાના પ્રયાસોમાં કોઈ પણ પાર્ટી કોઈ પણ જાતની કચાશ રહેવા દેવા માગતી નથી. ચૂંટણી પ્રચારમાં વિવેકભાન વગરનો વાણીવિલાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. લોકશાહીનાં પાયાનાં મૂલ્યોનું જાહેરમાં વસ્ત્રાહરણ થઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સમજી ગયા છે કે આ કંઈ ૨૦૧૪ વાળી લોકસભાની ચૂંટણી નથી. વળી ખાટલે મોટી ખોડ એ છે કે લોકસભાની ચૂંટણી વખતે પ્રજા સમક્ષ બહુ ઊંડી મથાણમને અંતે નરેન્દ્ર મોદીનો ચહેરો રમતો મૂક્યો હતો જેની સામે કોંગ્રેસના મનમોહનસિંહ અને રાહુલ ફિક્કા લાગતા હતા. ત્રીજા મોરચાની કડાકૂટ નિષ્ફળ ગઈ હતી પરંતુ કદાચ સફળ થઈ હોય તો પણ દેશી, ધોતી છાપ અનેક બાબત વિવાદાસ્પદ મુલાયમ મોદી સામે ટકી શકે એમ નહોતા. તેથી એ વખતે પાર્ટીને કોરાણે મૂકી ભાજપની વિચારસરણીમાં નહીં માનનારા કરોડો મતદાતાઓએ 'ગુજરાત મૉડલ' અને 'વિકાસ પુરુષ'નો ચહેરો જોઈને મતદાન કર્યું હતું. એ વખતે નીતીશકુમારે મોદીનો વિજયરથ રોકવા કરેલો પુરુષાર્થ એળે ગયો હતો. લાલુ યાદવનાં સૂપડાં સાફ થઈ ગયાં હતાં. મુલાયમસિંહ ફક્ત પરિવારના સભ્યોને જ જીતાડી શક્યા હતા. આજે પરિસ્થિતિ જુદી છે. બિહારમાં બીજેપી પાસે કોઈ ચહેરો નથી. વળી લાલુ-નીતીશનું ગઠબંધન જાતિવાદી સમીકરણોની રીતે ભાજપ અને સાથી પક્ષોની સરખામણીએ વધુ શક્તિશાળી ગણાય છે. દાદરી ઘટના અને એ પછીનાં લાલુનાં નિવેદનોથી હિંદુ મોતનું કેટલું ધ્રુવીકરણ થઈ શકશે, યદુવંશીઓને લાલુ વિરુદ્ધ કેટલા ઉશ્કેરી શકાશે - એ બધી આંટીઘૂંટીઓમાંથી પસાર થઈ રહેલ નરેન્દ્ર મોદી અને અમિત શાહની જુગલજોડીએ એટલી તો ખબર પડી જ ગઈ છે કે નિર્ણાયક ગણાતા લઘુમતી સમાજના મતોનું પણ સામે એટલું જ મજબૂત ધ્રુવીકરણ થઈ ગયું છે. દાદરી એ બાબરી નથી, છતાં એને બળજબરીપૂર્વક ચૂંટણી મુદ્દો બનાવી દઈ ભારતીય જનતા પાર્ટીએ અજાણતાં જ જોખમ વહોર્યું છે તે એ કે એનો વિકાસ વાળો મુદ્દો હાંસિયે ધકેલાઈ રહ્યો છે. વળી વડાપ્રધાનનું આ પ્રકારનું માનસ નકારાત્મક સંદેશ આપનારું સાબિત થાય એવી સંભાવના નકારી શકાય એમ નથી. લોકસભાની ચૂંટણી વખતે મોંઘવારી નાથવાની કે કાળાં નાણાં પરત લઈ આવી દરેક નાગરિકના ખાતામાં પંદરતી વીસ લાખ જમા કરાવવાનાં પ્રલોભનો ખોટાં ઠર્યાં છે અને દોઢ વર્ષના કેન્દ્ર સરકારના શાસન પછી પણ મોદીને એ જ જૂની સાંપ્રદાયિકતા વાળી રીતરસમો અપનાવવી પડી છે, તે કેટલી કારગત નીવડશે તે પ્રશ્ન છે. મીડિયાને ગજવામાં ઘાલીને ફરનારા વડાપ્રધાન માટે બિહાર ચૂંટણી સર્વેક્ષણોમાં નીતીશ કુમાર મુખ્યમંત્રી તરીકે શ્રેષ્ઠ ઉમેદવારો હોવાનો રિપોર્ટ અને બેઠકોમાં પણ મહાગઠબંધન લગોલગ ચાગી રહ્યું હોવાનો અહેવાલ જરુર ચિંતાપ્રેરક અને બ્લડ પ્રેશર વધારનાર જ ગણાય. બિહાર માટે ભાજપે સ્ટાર પ્રચારકોની લાંબી યાદી જાહેર કર્યા પછી પણ એનું વહાણ કિનારે પહોંચાડવા માટે એક માત્ર નરેન્દ્ર મોદી જ સક્ષમ હોવાની પ્રતીતિ તો સૌને થઈ ગઈ છે. પ્રજા એમના લાલુ-નીતીશ વિરોધી અગ્નિબાણોનો કેવો પ્રતિસાદ પાઠવે છે, એ તો સમય જ કહેશે. હાલ તો મોદીને 'શેતાન'ના બદલામાં 'બ્રહ્મપિશાચ' જેવાં પ્રમાણપત્રોથી સંતોષ માનવો પડશે! રહી રહીને ગૌમાંસનો મુદ્દો ચૂંટણીનો મુખ્ય પ્રચારમુદ્દો બની ગયો છે. લાલુ પછી રઘુવંશ પ્રસાદ જેવા રાજદના વરિષ્ઠ નેતાઓ ઋષિમુનિઓ પણ ગૌમાંસ ખાતા હોવાનું નિવેદન કરીને બળતામાં ઘી હોમી દીધું છે.

ઈન્ટરનેટ અને વન્યજીવોનો ગેરકાયદેસર વેપાર

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

વન્યજીવ વેપાર અને પર્યાવરણીય વિષય ગુનાઓનો અંદાજ પ્રતિવર્ષ ૨૧૩ અબજ ડૉલરનો થાય છે. આ અંદાજ વર્ષ ૨૦૧૪ માટે યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (યુ.એન.ઈ.પી.) અને ઈન્ટરપોલના 'ધી એન્વાયરમેન્ટ ક્રાઈસીસ' ના રીપોર્ટ આધારે મુકાયો છે.

વન્યજીવોનો વેપાર હવે સુનિયોજીત આંતર-રાષ્ટ્રો વચ્ચેનો ગુનાહિત પ્રવૃત્તિ તરીકે પ્રચલિત બનેલ છે. જુદા જુદા સ્ત્રોતોથી પ્રાપ્ત માહિતી ગેરકાયદેસર વન્યજીવ વેપાર મુજબ ૭ થી ૨૩ અબજ ડૉલર પ્રતિવર્ષ થઈ રહ્યો છે. જે ડ્રગ, માનવ વેચાણ અને Counterfeit વસ્તુઓ બાદ ચોથા ક્રમે આવે છે. આ માટે મુખ્ય કારણો તેની નબળી દેખરેખ-રક્ષણ અને શિક્ષાની નજીવી જોગવાઈ અને ઓછા જોખમે વધુ નફો છે. એશિયા, આફ્રિકા જેવા દેશો ઉપરાંત અમેરિકા અને યુનાઈટેડ કીંગડમ જેવાના શિકારીઓ અને વેપારીઓ આ ક્ષેત્રે મોટા પ્રમાણમાં સક્રિય છે.

આવા શિકારીઓ અને વેપારીઓ ખુબ જ અદ્યતન અને ઝડપથી બદલાતી જતી ટેકનોલોજીનો ઉપયોગ ગુનાઓ પકડાય નહીં તે માટે કરે છે. આંતરરાષ્ટ્રીય વન્યજીવોના વેપાર ઈન્ટરનેટ સુવિધાને કારણે મોટી વૃદ્ધિ પામેલ છે. ઈન્ટરનેશનલ ફંડ ફોર એનીમલ વૅલ્ફેર દ્વારા (IFAW) ખાસ આધારભૂત અભ્યાસથી જાણવા મળ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૪ના પ્રારંભ સમયમાં વિશ્વના ૧૬ જેટલા દેશમાં ઈન્ટરનેટના માધ્યમથી ૩૩,૦૦૦ જેટલા પ્રાણીઓનો વેપાર થાય છે જેમાં વાઘ અને ઉરાંગ ઉટાંગ જેવા જીવોનો સમાવેશ પણ થાય છે. કુલ ૧૧૦ લાખ યુ.એસ. ડૉલરની કિંમતના વન્યજીવો તથા તેની ચીજવસ્તુઓ ઓનાલાઈન વેચાણ મુકવામાં આવે છે. જેમાં ચીન સહુથી વધુ વેપાર થતો હોઈ તેને પ્રથમ ક્રમે મુકી શકાય. જયારે ત્યાર બાદના ક્રમે રશિયા, ફ્રાંસ, જર્મની અને યુનાઈટેડ કીંગ્ડમ સામેલ છે. આ બધામાં હાથીદાંતનો વેપાર સહુથી વધુ થાય છે. જીવતા પશુ-પક્ષીઓ અને તેના વિવિધ અંગોનું વેચાણ પણ મુખ્યત્વે થાય છે.

આર્જેન્ટીના, બ્રાઝિલ, બોલીવીયા અને કોલંબીયાનો રહેવાસી રેડ ફુટેડ ટોરટેઈલ (લાલ પગવાળો કાચબો) ૪૫૦૦૦ રૂપિયા, બોલીવીયાનો બ્લ્યુ થ્રોટેડ મેકાઉ - ૨,૦૦,૦૦૦ રૂપિયા, પૂર્વીય અમેરિકાનો આલ્બીનો અમેલ કોર્ન સ્નેક - ૨૦,૦૦૦ રૂપિયા, સહારા, સેનેગલ અને માલી દેશનો અમેરિકન સ્પર ટોરટાઈઝ - ૩૮૦૦૦ રૂપિયા અને યુરોપીયન દેશોમાં ઈગુઆના કાચીંડા - ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતે ઈન્ટરનેટના માધ્યમથી ગેરકાયદેસર રીતે વેચાતાં કેટલાંક પ્રાણીઓ છે.

વન્યજીવોનો વેપાર શબ્દ સાંભળીએ તો એવું લાગે કે ખુબ જ અંતરીયાળ - દુર્ગમ જંગલ વિસ્તારોમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે પણ હવે જયાં જયાં ઈન્ટરનેટના જોડાણ છે ત્યાં ત્યાં માધ્યમોને કારણે ઘરે-ઘરે કે પૃથ્વીના પ્રત્યે ખૂણે તેનો વ્યાપ ફેલાવી દીધો છે તેમ કહી શકાય.

આપણી સરકાર કે દેશ વાઘ અને ગેંડા જેવા મોટા પ્રાણીઓના ગુનાઓ પ્રત્યે વધુ લક્ષ્ય આપી રહેલ છે ત્યારે ઈન્ટરનેટના માધ્યમ થકી વિવિધ પ્રકારના વિદેશી (exotic) પ્રાણીઓના ગેરકાયદેસર વેપારે જોર પકડ્યું છે, તેવો અહેવાલ 'ઈન્ડિયા ટુડે' મેગેઝીનમાં પ્રકાશિત થયેલ છે. ઈન્ટરનેટ દ્વારા થઈ રહેલા આ રીતના વેપારને કારણે તેને પકડવું તથા રોકવું વધારે કઠીન બની જવા પામેલ છે.

ભારતના વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરોના જણાવ્યા પ્રમાણે આપણાં દેશમાં આયાતી બહારના પ્રાણીઓના ગેરકાયદેસર વેપારમાં મુખ્ય ૧૦ જેટલા વેપારીઓ સક્રીય છે. એસ.બી. નેગી, ડાયરેકટર, ડબલ્યુ સી.સી. બી. (WCCB) ના જણાવ્યા પ્રમાણે દેશમાં ૨૦૦ જેટલી વેબસાઈટોના માધ્યમથી ગેરકાયદેસર વેપાર થઈ રહ્યો છે. ઓનલાઈન ગેરકાયદેસર વન્યજીવોનો વેપારને ચાર વર્ષથી વધારે સમય થવા આવેલ છે. વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર - ઈન્ડિયા દ્વારા તેના સીક્રેટ કોડને ક્રેક કરવામાં આવેલ છે અને પ્રાણીઓ, સરિસૃપો અને સસ્તનોના આ વેપારને ટ્રાફીક સંસ્થાની વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ વીંગ દ્વારા શોધી કાઢવામાં આવેલ છે.

મહારાષ્ટ્ર રાજયના સાઈબર ક્રાઈમ સેલ દ્વારા વન્યજીવોના વેપારનું પગેરું શોધતાં મેલઘાટ ટાઈગર રીઝર્વ ખાતેના વાઘના શિકારમાં સંડોવાયેલા ૩૪ લોકોને પકડવામાં આવ્યા

અનુસંધાન પાના નં. ૭ પર

'સેવા' કરવાના હવેથી મળશે વધુ 'મેવા'...!!!

રગ્ગળપાટ
અજય ઉપાધ્યાય

સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસોમાં અને રેલવેના કોચોમાં અમુક સીટો પર લખેલું હોય છે ' ધારાસભ્યો અને સાંસદો માટે અનામત 'પણ હરામ જો કોઈ ધારાસભ્ય કે સાંસદને મેં કે તમે એ સીટ પર બેસીને મુસાફરી કરતા જોયા હોય. હા રેલ્વેમાં તો હજુયે ક્યારેક કોઈ જનપ્રતીનીધી જોવા મળી જાય (ફક્ત ફર્સ્ટ ક્લાસમાં જ) પણ બસમાં...? ક્યારેક કોઈ અપવાદને બાદ કરતા ક્યારેય નહી હા પ્લેનમાં એમના દર્શન આમ બાબત છે અને આ દર્શનનું કારણ તો આગળ વાંચવા મળશે જ પણ રાજકારણમાં લોકો ફક્ત જનસેવા જ કરવા આવે છે એવા વિધાનો હવે જુના થતા જાય છે અને સેવા કરતા પણ મેવાનું પ્રમાણ વધતું જાય છે એ હકીકત છે !!! માનવામાં નાં આવતું હોય તો દિલ્હી સરકારે વિધાનસભ્યોના પગારમાં કરવા ધારેલો ૪૦૦% નો વધારો લેટેસ્ટ ઉદાહરણ છે. સેવા અને એ પણ મફતમાં કે ગાંઠના પૈસે ?? કરાતી હશે?

જો બધું સમુસુતરું પાર ઉતર્યું તો (સમુસુતરું = ગોઠવણ મુજબ) દિલ્હી વિધાનસભાના સભ્યોને મારા - તમારા જેવા આમ આદમીને મળતા વાર્ષિક પગાર જેટલા રૂપિયા દર મહીને 'સેવા' બદલ મળશે. આ લખાય છે ત્યારે (શુક્રવારે) હજુ તો સમિતિએ સભ્યોને મળતા કુલ ભથ્થા ૮૮,૦૦૦માંથી વધારીને ૨ લાખ ૧૦ હજાર કરવાની ભલામણ કેજરીવાલ સરકારને કરી છે પણ મોટાભાગે અંદરુની વિરોધો અને પોતાની કાર્યશૈલી સામે ઉઠતા અવાજોનો સામનો કરી રહેલા આપ ના મુખિયા અરવિંદબાબુ આ દરખાસ્ત મોર ઓર લેસ એમને એમ સ્વીકારવાના જ. અત્યારે મળતા ૧૨૦૦૦ના પગારને સીધો ૫૦,૦૦૦ પર પહોચાડી દેનાર આ સિફારિશમાં પછી સભ્યોને મફત વીજળી / પાણી નહિ મળે એવી એકમાત્ર આશ્વસ્ત કરનારી જોગવાઈ પણ છે. જો બીજી સવલતો સિવાય પગાર ૫૦,૦૦૦એ પહોચી ગયો તો દિલ્હીના વિધાનસભ્યો ભારતના સાંસદો જેટલો પગાર મેળવતા થઈ જશે. જો કે આમ છતાં પણ દેશમાં સૌથી વધુ માસીક ૬૦,૦૦૦નું વેતન મેળવતા આસામના ધારાસભ્યો તો ટોપ પર જ રહેશે. કદાચ એવું બને કે સૌથી ઓછું રૂ. ૧૦૦૦નું માસીક વેતન મેળવતા કેરળના વિધાનસભ્યો કદાચ આ સમાચાર પછી બાયો ચડાવે પણ ખરા....!!!!

આપણે સમજી શકીએ છીએ કે સમાજસેવા / જનસેવા ખર્ચાળ પ્રવૃત્તિ છે અને એ વાતનો પણ કોઈ વિરોધ નાં હોય શકે કે બધા જ ધારાસભ્યો કે સાંસદો શ્રીમંત ના હોઈ શકે કે ભ્રષ્ટાચારી પણ ના હોય શકે પણ મજાની વાત એ છે કે સાંસદો કે વિધાનસભ્યોને મળતા લાભો ચોક્કસપણે મારા - તમારા આર્થિક આવકના આંકડા કરતા ક્યાય વધુ તો છે જ. એ અલગ વાત છે કે વિવિધ સવલતો નીચે મળતા નાણાઓ ક્યાં અને કેમ વપરાય છે એનો આપણને કોઈ ચિતાર નથી મળતો આફટરઓલ પ્રજાના પૈસા તો છે ને ભાય ??? એની પણ કોઈ એકાઉન્ટીબીલીટી તો હોવી જોઈએ કે નહિ ? જો કે આવા વેતન વધારામાં કેજરીવાલ સરકાર પહેલી નથી, આ પહેલા યુપીની અખિલેશ સરકાર સભ્યોની સેલેરી ૨૩૦૦૦ સુધી પહોચાડી ચુકી છે. યાદ રહે અહી ફક્ત માસીક પગારની જ વાત થાય છે, આ સિવાય મતક્ષેત્રમાં જવાનું ભથ્થું, મેડીકલ ભથ્થું, મફત યાત્રા સુવિધાઓ, અંગત સ્ટાફનો પગાર કે ગૃહ ચાલુ હોય ત્યારે હાજર રહેવા બદલા મળતા ભથ્થા જેવા લાભો તો અલગથી.

હવે જો વિધાનસભ્યો આવી માંગણી કરતા હોય તો સાંસદો શેના પાછળ રહે ? અત્યારે સાંસદને મહીને ૫૦૦૦૦ વેતન મળે છે. વિકાસશીલ અને વિકસીત ૩૭ દેશોના સાંસદોના વેતનનો અભ્યાસ કરીએ તો સૌથી ઓછું રૂ. ૭૯૫૨ ટ્યુનેશિયાના સાંસદને અને સૌથી વધુ રૂ. ૬૧૬૬૭૫ ઈઝરાઈલના સાંસદોને મળે છે. આપણા ૫૦,૦૦૦ મેળવતા સાંસદો કરતા ઓછું વેતન આપતા દેશોમાં પાડોશી શ્રીલંકા, નેપાળ સહીત પનામા, હૈતી અને વેનેઝુએલા માત્ર છે. છેલ્લે ૨૦૧૦માં મનમોહનસિંહની સરકાર વખતે સાંસદોના વેતનમાં વધારો થયેલો અને હવે મોદી સાહેબની સરકાર વખતે ફરી વધારો થવાની શક્યતા છે જેમાં એક કમિટી સાંસદોના વેતન વધારા વિષે નવેસરથી નિર્ણય લેશે. આમ તો શું છે કે મોસાળે જમણ અને મા પીરસનારી છે એટલે બધું સમુસુતરું પાર ઉતરશે તો સાંસદો પણ દર મહીને લખપતિ બની જશે એમાં ના નહિ અને સેલેરીની સાથે સાથે બીજા ભથ્થાઓમાં પણ વધારો થશે જ. સરકારોનું માનવું છે કે જે લોકો સેવાને (અહી ' રાજકારણ' વાંચવું) પોતાની કેરિયર બનાવવા માંગતા હોય એમને એ જવાબદારીના નિભાવ માટે યોગ્ય વેતન અને સુવિધાઓ મળવી જોઈએ.

મોંઘવારીનો માર શું આમ આદમી કે શુ સાંસદ બધાને સરખો જ લાગે એ નિર્વિવાદ છે અને લોકતંત્રમાં પ્રજાના પ્રતિનીધીનો ખુબ જ અગત્યનો રોલ છે અને એને પહોચી વળવા ભથ્થા કે પગાર સહિતની સુવિધાઓ આપવી જરૂરી છે. ચુંટણીઓ લડવી અને જીતવી એ બંને મોટાભાગના કેસોમાં આમઆદમીનું ગજુંરહ્યું નથી અને જીત્યા પછી મતક્ષેત્રની સંભાળ રાખવી પણ ખર્ચાળ કામ છે. ઓફિસો, કાર્યકરો વગેરેને સાચવવાથી લઈને પ્રવાસો અને બીજા લોકસંપર્કના કામોમાં આર્થિક જરૂરીયાતો દિવસે દિવસે વધતી જાય છે. આગળ કહ્યું એમ બધા જ ચૂંટાયેલા પ્રતિનિધિઓને મલાઈ મળવાની કે પ્રધાનો થવાની તક નથી મળતી અને જેમને મળે છે એમને તો આ ૨-૫ લાખ ચણા-મમરા જેવા લાગે એ તો આપણે પણ નરી આંખે જોઈ શકીએ છીએ પણ આ સિવાયના ફક્ત વિધાનસભ્ય કે સાંસદ જ રહી જતા સભ્યો માટે પર્યાપ્ત વેતન વ્યવસ્થા હોવી જરૂરી છે કે જેથી લોકતંત્રની સેવા એ સારી રીતે કરી શકે અને એના માટે વેતન વધારા કે સવલતો વધારવાની નાં હોય જ નહિ પણ સીધો ૪૦૦% નો વધારો કે બીજી સવલતોમાં હાઈજમ્પ ખુન્નારી વાત છે કેમકે પાણી-વીજળી-રહેઠાણ-યાત્રા સહીત ઓલમોસ્ટ ઓલ સુવિધાઓ મફત જ મળે છે અને ઉપરથી આ પગાર. બાય ધ વે જો આટલા જ તગડા વધારાઓ આપવાના હોય તો પછી મફત મળતી સુવિધાઓ જેવી કે પાણી, મકાન, વાહન, મફત યાત્રાઓ, મોબાઈલો, ટેલિફોનો અને નિવૃત થયા પછી પણ મળતા ૧૫-૨૦૦૦૦ જેવા પેન્શનો બંધ થવા જોઈએ અથવા તો એના પર અંકુશ આવવો જોઈએ. ખરેખર તો સાંસદ / પ્રધાન કે વિધાનસભ્ય બન્યા પછી જે તે વ્યક્તિની મિલકતો કે આવકમાં કેટલો વધારો કે ઘટાડો થયો એના આધારે જ પગાર કે અન્ય સવલતો મળવી જોઈએ અને લટકામાં મારા તમારા ટેક્ષના પૈસે મળતા આ બધા જ લાભોનો મહત્તમ ઉપયોગ પ્રજાની સેવામાં જ થવો જોઈએ એવી કડક જોગવાઈ જો થઈ શકે તો સાચા અર્થમાં સેવા કરવાનું વેતન લેખે લાગ્યું કહેવાય....!!!!

વિસામો :

થોડા શ્રીમંત સભ્યો (રૂ.કરોડમાં) : જયદેવ ગાલા-ટીડીપી(૬૮૩) જયાબચ્ચન-એસ.પી.(૪૮૪) રવીન્દ્ર સિન્હા - બીજેપી(૮૦૦)અભિષેક સંઘવી-કોંગ્રેસ (૨૨૬)ટીકમ નગર - પીપલ્સ પાર્ટી (૨૦૯).

- akurjt@gmail.com

આઈઝોલ (MIZORAM) : સ્વર્ગ સમી એક અદ્‌ભુત દુનિયા



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

કલ્પના કરેલા અને અગાઉથી વિચારેલા પ્રદેશોમાં તો આપણે ઘણી વખત જતા હોઈએ છીએ. પરંતુ એક અદભુત અને અકલ્પનીય પ્રદેશમાં પહેલી વખત ગયો ત્યારે જીવનનો એક નવ્વોનક્કોર અનુભવ મારા માનસગ્રંથમાં સોનાના અક્ષરે અંકિત થઈ ગયો.

ગાંધીનગરથી સાવરે ૬.૨૦ની ફ્લાઈટમાં નીકળી સવારે ૯. વાગ્યે કલકતા પહોંચ્યો. ત્યા ફ્લાઈટ બદલવાની હતી. એરપોર્ટની બધી જ સુરક્ષા પ્રક્રિયા પૂર્ણ કરીને ૧૧.૨૦ની ફ્લાઈટમાં ત્યાંથી રવાના થઈને ૧૨.૩૦ વાગ્યે મિઝોરમના આઈઝોલથી ૨૭ કિ.મી. દૂરના એરપોર્ટ પર ઉતર્યો. આ સમયે પણ સવારનો સમય અને વરસાદની ઋતુ હોવાથી આકાશમાં વાદળાઓ એકબીજા સાથે ખુબ મસ્તી કરતા હતા. નીચેની આખી ધરતીને ઢાંકી દેતા હતા. આ શ્વેત વાદળાઓના ઊંચા ઊંચા ઢગલાઓ સાવ નિષ્ઠુર અને જડ માણસને પણ આકર્ષિત કરે એવા હતા. એરપોર્ટ એકદમ સાવ નાનું.

આઈઝોલ પર્વતોની વચ્ચે બનાવેલા નાના એવા એરપોર્ટમાંથી બેગ લઈને બહાર આવ્યો તો સામે જ એક મિઝો ખુબસૂરત યુવતિ પ્રો. એલિઝાબેથ તેના બન્ને ગાલમાં અદભુત ખંજન લઈને મારી સામે આવી અને પૂછ્યું "આપ ડૉ. ભટ્ટ હૈ " મેં હા કહી અને મારી સાથે તેને હસ્તધૂતન કર્યું. તેની સાથે પ્રો.મોનોમા પણ મને સત્કારવા આવ્યા હતા. અને પછી એમની કાર ખૂબ જ ઊંચા ઊંચા પર્વતો વચ્ચેથી પસાર થવા લાગી. ચારેતરફ પર્વતો જ પર્વતો. આની વચ્ચે આ લોકો કંઈ રીતે રહેતા હશે ? ક્યાંક પર્વતો કાપીને બનાવેલા રસ્તા જાણે કે સાપ બનીને ભગવાન શિવના કંઠે વિંટળાયેલ હોય એવા લાગતા હતા સહેજ નજર ચૂક્યા તો સીધા જ નીચે અને... પછી ઉપર. કશું જ હાથમાં ના આવે. અને આ પર્વતો પણ કેવા ? ઘટાઘૂમ વૃક્ષોથી છલકાતા - લહેરાતા - મસ્તીમાં ડોલતા, અને ત્યાં જ સામે એક ખૂબ જ ઊંચા પર્વત ઉપર, વચ્ચે અને આજુબાજુ અસંખ્ય મકાનોના થપ્પા. જાણે કે ગંજીપાના પાના ગોઠવીને બનાવેલા મકાનો. " આ શું છે ? " મેં એલિઝાબેથને પૂછ્યું. 'એ આઈઝોલ છે' એ ટહુકી. મેં રસ્તામાં બન્ને સાથે વાતો કરીને તેમના વિશે ઘણું જાણી લીધું હતું. એલિઝાબેથ હસતી એટલે એના ગાલોમાં પડતા ખંજન મને ગમવા લાગ્યા હતા. દૂરથી દેખાતા પર્વતીય મકાનોની નજીકથી અમે પસાર થયા. એક પર્વત આખો પસાર કરીને અમે એની પાછળની તરફ ગયા તો... ઓહ ! ! આ શું ? આટલી ભવ્યતા - દિવ્યતા સગી આંખે પહેલી વખત જોઈ, જાણે કે યશ ચોપરાના ફિલ્મનું કોઈ દૃશ્ય જોતા હોય એવું લાગ્યું ચારે તરફ ગોળ ગોળ પથરાયેલા પર્વતો પર અસંખ્ય મકાનોની હારમાળાઓ - આ મકાનો કેવી રીતે બનાવ્યા હશે ? ત્યા ચાલી શકાય એવા રસ્તા હશે કે નહી ? ભૂકંપ આવે તો શું થાય ? અહી દરેક ઘરમાં પાણી કેવી રીતે આવતું હશે ? લાઈટ વિના શું થતું હશે ? મારા મનમાં અનેક સવાલો ઊભા થયા. જો કે હું મોનોમા અને એલિઝાબેથ સાથે વાતો કરીને મારી બધી જ જિજ્ઞાસા પૂરી કરતો હતો. કદાચ એમને પણ મજા આવતી હતી. તેઓ બન્ને હિંદી ટ્રેનિંગ કૉલેજમાં અધ્યાપકો હતા અને બન્ને પીએચ.ડી કરી રહ્યા હતા. મારી સાથે તેમને પણ ફાવી ગયું હતું. હું કારમાંથી મોબાઈલ અને કેમેરાથી સતત ફોટાઓ પાડી રહ્યો હતો. અને પછી અનેક પર્વતોના વળાંકો, હારબંધ એકબીજાની ઉપર ગોઠવાયેલા થોકબંધ મકાનો, કાચા-પાકા અને તૂટેલા રસ્તાઓ વિંધીને એકાદ કલાકે અમે આઈઝોલના બોકોન વિસ્તારમાં આવેલ 'સરકારી ગેસ્ટ હાઉસ'માં આવ્યા. જ્યાં અગાઉથી જ પ્રો. સુશ્રી આર. લલથ્લા મુઆની અને સુશ્રી લલછુઆન ઓમા મારા સ્વાગત માટે 'ફૂલનો ગુલદસ્તો' લઈ તૈયાર ઊભા હતા. મને આવકારી બીજા માળે મારા રૂમમાં લઈ ગયા. થોડી ઔપચારિક વાતો, વિગતો જાણી તેઓ બધા ગયા, રૂમ ખાસ્સો મોટો હતો. એક તરફની આખી દિવાલ કાચની હતી જેના પડદા ખોલતા જ....ઓહ.. ! ! આ હું શું જોઈ રહ્યો હતો ? હું આ કંઈ નવી દુનિયામાં આવી ગયો હતો ? શું આવી દુનિયા પણ હોઈ શકે ખરી